* A A I - 0 0 1 - 0 0 1 4 2 2 *

**AAI-001-001422** Seat No. _______

# B. A. (Sem. IV) (CBCS) Examination

**March / April - 2016**

## Gujarati : Paper - IX

**(ગુજરાતી વ્યાકરણ - સર્જન, લેખન, કૌશલ-૧)**

*(Core - Main)*

*(New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001422**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે.
(2) પ્રશ્નની સામે પ્રશ્નના ગુણ મૂકેલા છે.

### વિભાગ - 1

1 નીચે આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો જવાબ લખો. **20**

(1) અહેવાલ લેખન અંદાજે કેટલા શબ્દોમાં લખવાનું હોય છે ?

(A) 100 શબ્દોમાં (B) 200 શબ્દોમાં

(C) 500 શબ્દોમાં (D) 150 શબ્દોમાં

(2) અહેવાલ લેખનની ભાષા કેવી હોવી જોઇએ ?

(A) ગુચવાળી (B) લાઘવયુદ્ધ

(C) શુદ્ધ, સરળ અને આકર્ષક (D) અસ્પષ્ટ

(3) આપણી સૌપ્રથમ સ્થપાયેલી સાહિત્યિક સંસ્થા કઈ છે ?

(A) ગુજરાત સાહિત્ય અકાદમી (B) ગુજરાત સાહિત્ય પરિષદ

(C) ગુજરાત સાહિત્ય (D) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

(4) 'ફાર્બસ ગુજરાતી સભા'ની સ્થાપના ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1955 (B) ઈ.સ. 1854

(C) ઈ.સ. 1818 (D) ઈ.સ. 1859

(5) 'નર્મદ સાહિત્યસભા'ની સ્થાપના ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1910 (B) ઈ.સ. 1923

(C) ઈ.સ. 1954 (D) ઈ.સ. 1940

(6) 'નર્મદ સાહિત્યસભા'ની સ્થાપના ક્યાં થઈ ?

(A) સુરત (B) ભાવનગર

(C) સુરેન્દ્રનગર (D) બરોડા

(7) 'પ્રેમાનંદ સાહિત્યસભા'ની સ્થાપના ક્યાં કરવામાં આવી ?

(A) અમદાવાદ (B) સુરત

(C) પોરબંદર (D) વડોદરા

(8) 'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરનાર કોણ હતું ?

(A) કનૈયાલાલ મુનશી (B) ગાંધીજી

(C) ઝવેરચંદ મેઘાણી (D) કાલેલકર

(9) ગુજરાત સાહિત્ય અકાદમી' દ્વારા કયું મુખપત્ર બહાર પાડવામાં આવે છે ?

(A) શબ્દસૃષ્ટિ (B) ભાષાસૃષ્ટિ

(C) વિચાર સૃષ્ટિ (D) સાહિત્ય સૃષ્ટિ

(10) 'અસાઈત સાહિત્ય સભા' કયા શહેરમાં આવેલી છે ?

(A) મહેસાણા (B) ભાવનગર

(C) રાજકોટ (D) જૂનાગઢ

(11) અક્ષરમેળ છંદનું બીજું નામ શું છે ?

(A) લયમેળ છંદ (B) મેળ છંદ

(C) દેશી છંદ (D) રૂપમેળ છંદ

(12) લઘુ અક્ષરની નિશાની કઇ છે ?

(A) + (B) U

(C) × (D) –

(13) વસંતતિલકા છંદમાં કેટલા અક્ષર છે ?

(A) 14 અક્ષર (B) 18 અક્ષર

(C) 20 અક્ષર (D) 21 અક્ષર

(14) વસંતતિલકા છંદનો ગણ કયો છે ?

(A) મભજજગાગા (B) લલજજગા

(C) ગાગા (D) તભજજગાગા

(15) શિખરિણી છંદમાં કેટલા અક્ષર છે ?

(A) 19 અક્ષર (B) 21 અક્ષર

(C) 27 અક્ષર (D) 17 અક્ષર

(16) શિખરિણી છંદનો ગણ કયો છે ?

(A) યમનસભલગા (B) તભજજગાગા

(C) મનહરગાગા (D) મફતગાગા

(17) છંદશાસ્ત્રનું ભારતીય ઋષિએ લખેલું મહત્ત્વનું પુસ્તક કયું છે ?

(A) શબ્દશાસ્ત્ર (B) અક્ષરશાસ્ત્ર

(C) પિંગળશાસ્ત્ર (D) વાક્યશાસ્ત્ર

(18) દોહરો છંદમાં કેટલા તાલ આવે છે ?

(A) દસ તાલ (B) ચાર તાલ

(C) છ તાલ (D) નવ તાલ

(19) ઝૂલણાં છંદમાં કેટલી માત્રા છે ?

(A) 10 માત્રા (B) 20 માત્રા

(C) 37 માત્રા (D) 47 માત્રા

(20) 'ઓ ઈશ્વર ભજિયે તને મોટું છે તુજ નામ;

ગુણ તારાં નિત ગાઈએ થાય અમારાં કામ.' - આ પંક્તિ કયા છંદની છે ?

(A) પૃથ્વી (B) દોહરા

(C) હરિગીત (D) ઝૂલણાં

## વિભાગ - 2

1 તમારી કોલેજમાં યોજાયેલ એન.એસ.એસ. શિબિરનો અહેવાલ તમારી સંસ્થાના આચાર્યશ્રીને લખો. **10**

**અથવા**

1 તમારા શહેરમાં ચાલતા બેટી બચાવો સપ્તાહનો અહેવાલ કુલપતિશ્રીને વિગતે લખો. **10**

2 નીચેનામાંથી કોઇ પણ એક સાહિત્યિક સંસ્થાનો વિગતે પરિચય આપો : **10**

(1) ફાર્બસ ગુજરાતી સભા

(2) ગૂજરાત વિદ્યાપીઠ

(3) ગુજરાત સાહિત્ય પરિષદ

3 (અ) નીચેનામાંથી કોઇ પણ બે પ્રશ્નોના વિગતે જવાબ આપો : **10**

(1) છંદ એટલે શું ? વિગતે સમજાવો.

(2) પૃથ્વી છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો.

(3) દોહરા છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો.

(બ) નીચેનામાંથી કોઇ પણ બે પ્રશ્નોના વિગતે જવાબ આપો : **10**

(1) શિખરિણી છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો.

(2) મભનતતગાગા એટલે શું ? સમજાવો.

(3) યમાતારાજભાનસલગા - ખંડમાંથી ગણને છુટા પાડી સમજાવો.

4 નીચેનામાંથી કોઇ પણ બે વિશે ટૂંકનોંધ લખો : **10**

(1) અહેવાલ લેખનમાં કઇ કઇ વિગતો મહત્ત્વની હોય છે ?

(2) ગુજરાતની મુખ્ય સાહિત્યિક સંસ્થાઓનાં નામ આપો.

(3) સાહિત્યિક સામયિકોની ઉપયોગિતા સમજાવો.

(4) માત્રામેળ છંદોના બે ઉદાહરણ માત્ર કાવ્ય પંક્તિથી આપો.

---